માઉન્ટ કાર્મેલ શાળાની પ્રદૂષણ અટકાવો રેલી

@ગાંધીનગર

● ગાંધીનગર સાહિત્ય સભા અને શહેર વસાહત મંડળના સંયુક્ત ઉપક્રમે સાંજે ૫ કલાકે સેકટર-૨૧, જિલ્લા પુસ્તકાલય ખાતે ગાંધીનગર વિષય ઉપર લખાયેલી કૃતિઓનું સ્વમુખે પઠનનો કાર્યક્રમ યોજાશે.

● કલાગુર્જરી સંસ્થા દ્વારા રાત્રે ૯.૨૦ કલાકે ટાઉનહોલ, સે-૧૭ ખાતે ગુજરાતી નાટક કેકેયીની પ્રસ્તુતિ કરવામાં આવશે.

- નજાહખાનમ સૈયદ

દિવાળીની નવી વાનગી : ચોકલેટ-વેનીલા શક્કરપારા

ગાંધીનગર, તા.૭

દિવાળીના દિવસને ગણતરીના દિવસ બાકી રહ્યા છે. શહેરના બજારોમાં ખરીદી માટે ભારે ભીડ જોવા મળી રહી છે. ફટાકડા, કપડા સહીત નગરજનો મીઠાઈ તેમજ ફરસાણની ખરીદી સવિશેષ કરે છે. શહેરની ફરસાણની દુકાનોમાં આ વર્ષે ચટુકડા નગરજનોને માટે ગાંઠીયા, ફુલવડી, ચવાણુ, પાપડી સહિત નવીન વેનીલા અને ચોકલેટ શક્કરપારા બજારોમાં ઉપલબ્ધ છે. બાળકોને પ્રિય હોવાથી વિવિધ ફલેવરના શક્કરપારાની નગરજનો ખરીદી કરી રહ્યા છે.

અંધકારને ઉલેચીને પ્રકાશના આ પર્વ દિપાવલીને નગરજનો આનંદ ઉલ્લાસથી ઉજવે છે. દિપાવલી-નૂતનવર્ષને અનુલક્ષી નગરજનો ઘરસજાવટથી લઈ તમામ ખરીદી કરતા બજારોમાં મીઠાઈ જેટલું જ મહત્વ ફરસાણનું નજરે પડે છે. દિવાળીમાં ફટાકડા હોય છે. નૂતન વર્ષમાં ઘરે આવતા મહેમાનો માટે અવનવા નાસ્તાથી વર્ષ કરતાં કંઈ નવીન ફરસાણનો સજ્જ થાળી પીરસે છે. જેમાં દર સ્વાદ નગરજનોને માણવા મળે છે. શહેરમાં ગાંઠીયા, ફુલવડી, ચવાણુ, ભેળ, પાપડી, સેવ, શક્કરપારા તો છે જ પરંતુ આ વર્ષે ફરસાણના વેપારીઓ દ્વારા ચોકલેટ અને વેનીલા ફલેવરના શક્કરપારા ખાસ સ્વાદના શોખીન નગરજનો માટે તૈયાર કરાયા છે. બાળકોને પ્રિય હોવાથી નગરજનો વિશેષ ખરીદી કરતા નજરે પડે છે. મોંઘવારી હોવા છતાં ફરસાણમાં માત્ર નજીવો ફેરફાર જોવા મળી રહ્યો છે. શહેરના બજારોમાં નગરજનોની ભારે ભીડ જામે છે. દિવાળીની છેલ્લી ખરીદીમાં નગરજનો વ્યસ્ત બન્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

વાતવાતમાં

● દિવાળીના પર્વ પ્રારંભે નગરના ઘરોમાંથી સુમધુર સુવાસ આવવા લાગી છે. નગરની ગૃહિણીઓએ નાસ્તા, મિઠાઈ સહિતની વાનગીઓ બનાવવાનો પ્રારંભ કરી દીધો છે.

● ઈન્ફોસીટીની બાજુમાં આવેલ એનઆઈસીએમ સંસ્થાના જીટીયુના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે જૈનિલ શાહ નામના એમબીએના વિદ્યાર્થીએ સમગ્ર કેમ્પસમાં પેંડા વહેંચી તમામને દિપાવલીની શુભેચ્છાઓ પાઠવી હતી.

● દિવાળીના તહેવારોમાં કેટલાક વર્ષ પહેલા નૂતન વર્ષાભિનંદન પાઠવવા શુભેચ્છા કાર્ડસનું ખુબ ચલણ રહેતું હતું જે એસએમએસના આગમનથી ઘટયું હતું. વ્હોટસએપ-ફેસબુક સહિતના સોશ્યલ મિડીયાના પ્રતાપે ગ્રીટીંગ્સ કાર્ડ તદન ભુલાઈ જવા પામ્યા છે.

● દિવાળી વેકેશન સાથે શાળાઓમાં પ્રવાસની મૌસમ પણ બરાબર જામી છે. સે-૨૩ની સી.એમ. હાઈસ્કુલના ૩૨ વિદ્યાર્થી એડવેન્ચર કેમ્પમાં તથા ૧૦૨ વિદ્યાર્થીઓ મહારાષ્ટ્ર ખાતેના પ્રવાસમાં જોડાયા હતા.

● આ વર્ષે દિવાળીની ઘરાકી ધાર્યાપ્રમાણે હજુના ખુલતા બજારોમાં વેપારીઓના ચહેરા નિસ્તેજ જણાય છે. આખરી દિવસોમાં ઘરાકી ખુલશે એવા આશાવાદ સાથે વેપારીઓ પોતાના ધંધા રળીને રોશનીથી ઝગમગાવી મીટ માંડી બેઠા છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

બ્રહ્માકુમારીઝ દ્વારા મોટા ચિલોડામાં લાઈફ સ્કીલ એજયુકેશન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય યુવા પ્રભાના નેજા હેઠળ કેન્દ્રીય યુવા મંત્રાલયના સહયોગથી તા. ૨થી ૭ નવેમ્બર દરમિયાન મોટા ચિલોડા ખાતે લાઈફ સ્કીલ એજયુકેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટા ચિલોડા સ્થિત સ્વામિનારાયણ પ્રાથમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ-૮થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ કેમ્પ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં નૈતિક, આધ્યાત્મિક ભાવના વધુ કેળવાય તે માટે મૂલ્યનિષ્ઠ શિક્ષણ પુરું પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને સારી અને ખરાબ આદતો કઈ છે, બદલો ના લો-બદલીને દેખાડો, ગોલ સેટીંગ સહિતની બાબતો અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલના જીવનચરિત્ર અંગે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા. આ કેમ્પ દરમિયાન અનિલભાઈ માધવન, મીનાબેન માધવન, ઓમ લેન્ડ માર્ક સ્કૂલના પ્રમુખ ગીરીશભાઈ રાવલ, નેહરુ યુવા કેન્દ્રના રજનીકાંત સુથાર, બ્રહ્મકુમારીના કૈલાશદીદી, તારા દીદી ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે વિદ્યાર્થીઓને ઈનામ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

બી.પી. કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝના વિદ્યાર્થીઓનો ઈન્ડો-જાપાન ફેરમાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૭

એ.એમ.એ. અમદાવાદ, ઈન્ડો જાપાન રીલેશન અને જાપાનની પાંચ પ્રખ્યાત યુનિવર્સિટી દ્વારા બે દિવસના 'એજયુકેશન ફેર' તથા રોબોટીકસ વર્કશોપનું ભવ્ય આયોજન એ.એમ.એ. ખાતે થયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ દિવસે જાપાનની પાંચ પ્રખ્યાત યુનિ.ના યુ.જી. તથા પી.જી.ના અલગ અલગ કોર્સની માહિતી આપી આ સાથે ભારતના વિદ્યાર્થીઓ કઈ રીતે ત્યાંની યુનિ.માં અભ્યાસ કરી શકે, કઈ રીતે સ્કોલરશીપ મળી શકે તેની માહિતી, દુનિયાની સૌથી ઝડપથી ચાલતી બુલેટ ટ્રેઈન વિષે માહિતી પ્રાપ્ત થઈ હતી. જાપાનમાં હાલમાં કાર્યરત એવા ભારતીય ઈજનેર અત્યારે કયા વાતાવરણમાં કામ કરી રહ્યા છે ત્યાં કયા પ્રકારની ટેકનોલોજી કાર્યરત છે તેમાં ભારતીય ઈજનેરોનું શું યોગદાન છે? અને હાલમાં ભારતીય વિદ્યાર્થીઓ જાપાનમાં કઈ પોઝીશન પર છે અને ભવિષ્યમાં ભારતના વિદ્યાર્થીઓ માટે કેટલી ઉજળવળ તકો છે તે વિશેની માહિતી પ્રાપ્ત થઈ હતી.

દ્વિતિય દિવસે જાપાનની જ સાયીતામા યુનિવર્સિટી દ્વારા સ્ટેમ રોબોટીકસના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માત્ર ૪૦ મિનિટમાં રોબોર્ટ તૈયાર કરીને ઉત્કૃષ્ઠ દેખાવ કરવામાં આવ્યો હતો. આ વિદ્યાર્થીઓના કાર્યથી પ્રભાવિત થઈને જાપાનની વિવિધ યુનિવર્સિટીના ડીનને ઓફીસર્સ દ્વારા વિદ્યાર્થીઓ સાથે 'વન ટુ વન' ઈન્ટરેકશન કરીને તેમને વિશેષ માહિતી આપી હતી અને પ્રોત્સાહિત કર્યા હતા.

વિદ્યાર્થીઓને રોબોર્ટ બનાવવા માટે અલગ અલગ સાધનો આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને આ મીટીરિયલ પરથી સર્કીટ અને માઈક્રો કન્ટ્રોલર દ્વારા આ રોબોર્ટને બનાવાનો હતો જેમાં ગુજરાતની વિવિધ યુનિ.ના વિદ્યાર્થીઓમાંથી કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા બી.પી. કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝના સેમિસ્ટર પાંચમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દિપક શર્મા, અખોદરવાલા મહંમદ ફેઝાન, પટેલ મૃગેશ, જયદીપ રૂપાલા, ગજેરા શ્યામ અને સાગર કુમાર દ્વારા 'ઈન્ડો જાપાન એજયુકેશન ફેર'માં કરવામાંઆવેલા ઉત્કૃષ્ઠ પ્રદાન બદલ સંસ્થાના પ્રેસીડન્ટ વલ્લભભાઈ પટેલ અને કોલેજના ડાયરેકટર ડૉ.એસ.એમ. શાહ અને સ્ટાફ મિત્રો દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન આપી ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના આપવામાં આવી હતી.

સે-૨૪માં ચા મુકતાં દાઝી ગયેલી પરીણીતાનું મૃત્યુ

ઈન્દીરાનગર છાપરા વિસ્તારમાં બપોરના અરસામાં બનેલી ઘટના

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરનાં સેકટર-૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં ગઈ બપોરે પરીણીતા પ્રાઈમસ પર ચા બનાવી રહી હતી તે દરમિયાન અચાનક જાર લાગતા શરીરે દાઝી ગઈ હતી. ગંભીર હાલતમાં તેણીને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાઈ હતી. પરંતુ હાલત વધુ ગંભીર જણાતા તાત્કાલીક અમદાવાદ રીફર કરવામાં આવી હતી. જયાં સારવાર દરમિયાન પરીણીતાનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં મકાન નં. ૨૨૧ ખાતે રહેતા ૩૦ વર્ષીય રેખાબેન મહેશભાઈ દેવીપુજક ગઈ કાલે બપોરના અરસામાં પોતાના ઘરે પ્રાઈમસ પર ચા બનાવી રહી હતી તે દરમિયાન એકાએક જાર લાગતા રેખાબેનનું શરીર આગની લપેટમાં આવી ગયું હતું. ગંભીર હાલતમાં રેખાબેનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા પરંતુ હાલત અત્યંત ગંભીર જણાતા અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. દરમિયાન રાત્રે સવા અગ્યાર વાગ્યાના અરસામાં રેખાબેનનું સારવાર દરમિયાન પ્રાણપંખેરું ઉડી ગયું હતું. સે-૨૧ પોલીસ મથકના મહિલા પીએસઆઈ બી.જી. યાદવે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

માઉન્ટ કાર્મેલ શાળાની પ્રદૂષણ અટકાવો રેલી

ગાંધીનગર, તા.૭

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલના ઈકો કલબ અને ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ દિવાળી પર્વ નિમિત્તે ફટાકડા ન ફોડી પ્રદૂષણ અટકાવો

રેલી કાઢી હતી. શાળાથી શરૂ કરી સે-૨૧ શોપીંગ અને શાક માર્કેટ તરફ રેલી લઈ જઈ લોકોને ફટાકડા ન ફોડી વાતાવરણને પ્રદૂષિત થતું અટકાવવું અને ઈકો ફ્રેન્ડલી દિવાળી મનાવવી તે ધ્યેય હતો. વિદ્યાર્થીઓએ 'જળ, વાયુ, પક્ષી, પ્રાણી સૌને પહોંચાડે ફટાકડા હાની, ડોન્ટ બર્ન કેકર સેવ એન્વાયરમેન્ટ' જેવા પ્લે કાડ બનાવી સૂત્રોચ્ચાર સાથે રેલી યોજી લોકોને જાગરૂક કરવા પ્રયત્ન કર્યો હતો. આ રેલીનું આયોજન શાળાના પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા સફળ રીતે સંપન્ન થયું હતું.

સંસ્કૃતિ સંસ્થા દ્વારા રફીના ગીતોનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા આગામી તા. ૨૧ નવેમ્બરના રોજ રાત્રે ૯.૧૫ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે મહમ્મદ રફીના કંઠે ગવાયેલા ફિલ્મી સંગીતનો કાર્યક્રમ 'તુમ મુજે યું ભુલા ના પાઓગે' યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં મહમ્મદ રફીના કંઠે ગવાયેલા મસ્તીભર્યા ગીતોની પ્રસ્તુતિ જાણીતા ગાયક કલાકાર બંકીમ પાઠક, દક્ષા ગોહિલ અને અનિલા ગોહિલ દ્વારા કરવામાં આવશે. ભરત સોનારા અને સંજય સોનારા દ્વારા સંગીત સંચાલન કરાશે તથા મોહશીન શેખ કાર્યક્રમનું સંચાલન સંભાળશે એમ સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલે જણાવ્યું છે.

જિલ્લામાંથી દારૂની હેરાફેરી કરતી બે ગાડીઓ પકડાઈ

ગાંધીનગર, તા.૭

દિવાળી તહેવાર તથા ચુંટણીઓને ધ્યાનમાં રાખીને ગાંધીનગર એસ.પી.વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી દારૂ-બિયરની હેરાફેરી પર જિલ્લા પોલીસે સખત વૉચ રાખી છે. આજે પણ જિલ્લામાંથી વિદેશી દારૂ-બિયરની હેરાફેરી કરતી વધુ બે ગાડીઓને પકડવામાં આવી છે. ગાંધીનગર એસઓજીએ દહેગામ માર્કેટ યાર્ડ પાસેથી વર્ના ગાડી પકડી પાડી હતી જયારે ચિલોડા પોલીસે ગિયોડ પાટીયાથી ઈન્ડીકા ગાડી ઝડપી લીધી હતી.

એસઓજી પી.આઈ. પી.બી.ચૌહાણ તથા તેમની ટીમના પીએસઆઈ એમ.પી.ચૌહાણ અને ટીમે બાતમીને આધારે દહેગામ માર્કેટ યાર્ડ સામેના રોડ પરથી વર્ના ગાડી નં. જીજે ૯ એએચ ૧૬૬૧ પકડી પાડી છે. ડેકીમાં તપાસ કરતા તેમાંથી દારૂ-બિયરની ૧૬ પેટીઓ મળી આવી હતી. ૭૨ વિદેશી દારૂ અને ૨૪૦ બિયરના ટીન મળી રૂ. ૫૨,૮૦૦નો દારૂ બિયર તથા કાર મળી કુલ રૂ. ૩,૦૮,૯૦૦ના મુદ્દામાલ સાથે અમદાવાદ મેમ્કોના મુકેશ ઉર્ફે મુકો સુરેશ મારવાડી અને ઓઢવના જયકિશન ઉર્ફે જેકી મુકેશનાથ ગોસ્વામીની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ચિલોડા પી.આઈ. વનરાજસિંહ ચાવડા તથા તેમની ટીમના પીએસઆઈ એસ.જે.મકવાણા અને સ્ટાફના માણસોએ ચોકકસ બાતમીને આધારે બપોરે વૉચ ગોઠવીને ગિયોડ પાટીયા પાસેથી ઈન્ડીકા ગાડી નં. જીજે ૨૭ એ એ ૭૫૩૦ પકડી પાડી હતી. ગાડીમાં તપાસ કરતાં તેમાં ૨૮૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ.૧,૧૫,૨૦૦ની કિંમતનો દારૂનો જથ્થો તથા કાર મળી કુલ રૂ. ૩,૧૫,૨૦૦ની કિંમતના મુદ્દામાલ સાથે ચિલોડા પોલીસે ઓઢવના જીતેન્દ્ર બાબુસિંહ રાજપુત અને રાજસ્થાન ઉદેપુરના ભવર નારસિંહ રાજપુતની ધરપકડ કરી ઝીણવટભરી તપાસ આરંભી છે.

દિવાળી પર્વ નિમિત્તે ગજાનન સેવા સમિતિ દ્વારા મિઠાઈનું વિતરણ

ગાંધીનગર, તા.૭

શહેરની સેવાકીય સંસ્થા ગજાનન સેવા સમિતિ દ્વારા વર્ષ દરમિયાન ભિલોડા વિસ્તારના અંતરીયાળ ગામોમાં જઈ જરૂરીયામંદ લોકોને ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે દિપાવલીના પર્વ નિમિત્તે ભિલોડાના પાલ ચીતરીયા પાસે સાત ગામોના ૧૨૮ વૃદ્ધ નિરાધારોને સોનપાપડી તથા મોહનથાળના ગીફટ પેકેટનું વિતરણ કરાયું હતું. સાથે સાથે દરેકને ૩ કિ.ગ્રા. ચોખા આપવામાં આવ્યા હતા. ત્રણ શાળા કુસ્તી છાપરા, ત્રેપન છાપરા તથા નવલપુરના બાળકોને ૨-૨ જોડ કપડા તથા નાસ્તો કરાવ્યો હતો. આ કાર્યમાં શ્લોક તેના બે મિત્રો, મિલીંદભાઈ અને દિનેશભાઈ સાથે જોડાયા હતા.

સ્વ. રમણલાલ મકવાણાનું ચક્ષુદાન મેળવાયું

ગાંધીનગરના સે-૧૩-એ પ્લોટ નં. ૬૬૭/૧ નિવાસી ૬૭ વર્ષીય રમણલાલ જેણાભાઈ મકવાણાનું તા. ૪થી નવેમ્બરે દુઃખદ અવસાન થવા પામ્યું હતું. જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા સદગતના ચક્ષુઓનું દાન મેળવાયું છે. આ દાન સદગતના કુટુંબીજન પ્રવિણભાઈ મકવાણાની સંમતિથી લેવાયા હતા. જેમને સંસ્થાના દશરથભાઈ પરમાર દ્વારા પ્રેરિત કરાયા હતા. ચક્ષુદાન મેળવવાની તબીબી સેવામાં ડૉ.નિરવ, ડૉ. નિશાંત તથા ડૉ. રાજેન્દ્ર એ સેવા આપી હતી. ચક્ષુદાન મેળવવામાં જુસીકાના કાર્યકર રણજીત પાંડવ તથા ચક્ષુને અમદાવાદ સિવીલ હોસ્પિટલ ખાતેની ચક્ષુ બેંકમાં પહોંચાડવાની સેવા કાર્યકર સન્ની વાઘેલાએ પુરી પાડી હતી.

સે-૨માં કાળી ચૌદશે સુંદરકાંડના પાઠ

સેકટર-૨ સ્થિત બાલા હનુમાનજી મંદિર ખાતે આગામી તા. ૧૦ નવેમ્બરને મંગળવારના રોજ સવારે ૯ થી રાત્રે ૮ કલાક દરમિયાન ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૯ કલાકે હનુમંત યજ્ઞ યોજાશે. ઉપરાંત કાન્તિભાઈ યોગીના મધુર કંઠે સાંજે ૬.૦૦ કલાકે સુંદરકાંડ પાઠ તથા રાત્રે ૮.૦૦ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરમાં નવી ચલણી નોટોની બોલબાલા

આર.બી.આઈ.ના કડક વલણથી બેંકોએ સંગ્રહ ટાળી વિતરણ કર્યું, નવી નોટો મળી રહેતા લોકોમાં ખુશાલી

વર્ષોથી દિવાળીના તહેવારે નવી ચલણી નોટોનો આગ્રહ ગ્રાહકો રાખતા આવ્યા છે. જેમાં અનેક પ્રયાસો પછી જરૂરિયાત કરતાં ઓછી નવી નોટના બંડલ મળી રહેતા હતા. પરંતુ આ વર્ષે નગરમાં બેંકો દ્વારા દરેક ગ્રાહકોને જોઈએ તેટલી નવી ચલણી નોટો અપાઈ રહી છે. નવી ચલણી નોટો દરેકને મળી રહેતા નાના મોટા સૌ કોઈમાં ખુશાલી જોવા મળી રહી છે. દિવાળી જેવા અગત્યના તહેવારમાં બેંકોના ઉદાર વલણથી ઉત્સાહમાં વધારો થયો છે જો કે આર.બી.આઈ.ના કડક વલણથી બેંકોએ વિતરણનું વિવરણ આપવાનું હોઈ નોટો છુટથી આપવાનું યોગ્ય ગણયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

દિવાળીમાં બોણી અને આશીર્વાદ સ્વરૂપે નવી ચલણી નોટ આપવામાં આવતી હોય છે. જેથી દરેક ક્ષેત્રમાં દિવાળીએ નવી નોટની જરૂરિયાત ઉભી થાય છે. ચાલુ વર્ષે બેંકો દ્વારા વ્યાપક પ્રમાણમાં નવી નોટનું વિતરણ ગ્રાહકોને થઈ રહ્યું છે. ગ્રાહક બેંકમાં નાણાં ઉપાડવા જાય ત્યારે બેંકો દ્વારા નવી નોટના બંડલો પ્રેમથી અપાઈ રહ્યા છે જેથી ગ્રાહકોમાં સંતોષ સાથે ખુશાલી જોવા મળી રહી છે. અગાઉના વર્ષોમાં બેંકો પાસે માંગણી કરવા છતાં જરૂરિયાત પ્રમાણે નવી નોટોના બંડલ મળતા ન હતા. જેથી આ વર્ષે ગ્રાહકોમાં બેંકોના ઉદાર વલણથી કુતુહલતા પેદા થઈ છે.

નગરની તમામ બેંકોને પૂરતા પ્રમાણમાં નવી નોટો પુરી પડાઈ હોવાનું જાણવા મળ્યું છે. જેમાં દસ, વીસ, પચાસ અને સોની નોટોના બંડલની માંગ ખુબ જ રહેતી હોય છે. નગરની રાષ્ટ્રીયકૃત, ખાનગી અને સહકારી બેંકોમાં દિવાળીના તહેવાર નિમિત્તે નવી નોટ મેળવવા ગ્રાહકો ઉમટી રહ્યા છે. જેમાં બેંકો દ્વારા પોતાના થાપણદારો તથા કાયમી ટર્નઓવર ધરાવતા ગ્રાહકોને જાણ કરીને પણ નવી નોટો પુરી પડાઈ રહી છે. દેશની સર્વોચ્ચ બેંક રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ચાલુ વર્ષે મોટા પ્રમાણમાં નવી નોટો દરેક બેંકોને ઉપલબ્ધ કરાઈ છે અને તેના વિતરણનો વિવરણ પણ મંગાવાયું છે જેથી બેંકો પણ આરબીઆઈના કડક વલણથી છુટથી નવી નોટોનું વિતરણ કરી સંગ્રહ ટાળી રહી છે જેનો ફાયદો ગ્રાહકોને હાલતો મળી રહ્યો છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સે-૨૮ જીઆઈડીસીમાં સફાઈ અભિયાન હાથ ધરાયું

ગાંધીનગર, તા.૭

સેકટર-૨૮ના એન્જીનીયરીંગ એસ્ટેટના સભ્યો અને હોદેદારો દ્વારા સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. એસ્ટેટના પ્રમુખ બી.ડી.ચૌધરીએ જણાવ્યું હતું કે જીઆઈડીસી ઈ.સ. ૧૯૮૦થી અસ્તિત્વમાં આવી ત્યારથી જ આ વિસ્તારમાં સફાઈનો અભાવ છે. સફાઈની શુભ શરૂઆત મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી આવેલ જેસીબી તથા ટ્રેકટર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાનમાં એસોસીએશનના હોદેદારો તથા કારોબારી સભ્યોએ સાથે રહી સફાઈની શરૂઆત કરી હતી. આ સફાઈ કાર્ય બદલ કોર્પોરેટર હર્ષજીત પંડયા અને પ્રમુખ બી.ડી. ચૌધરીનો ઉદ્યોગકારોએ આભાર વ્યકત કર્યો હતો.

ચિરવિદાય

- સ્વ. જીતેન્દ્રકુમાર માધવલાલ જાની, ઉ.વ. ૫૮
- સ્વ. રકમણભાઈ મોડર્નભાઈ દેસાઈ, ઉ.વ. ૪૫
- સ્વ. કાન્તીલાલ અંબાલાલ પ્રજાપતિ, ઉ.વ. ૬૫
- સ્વ. ચંપાબેન ચતુરભાઈ દંતાણી, ઉ.વ. ૭૦
- સ્વ. રેખાબેન મહેશભાઈ દેવીપૂજક, ઉ.વ. ૩૦